**પ્રાથમિક શાળા, સુંઢા ના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે તા. ૨૭-૦૨-૨૦૨૫ મુલાકાત લીધી**

મહેમદાબાદ તાલુકાની સુંઢાગામની પ્રાથમિક શાળા, ના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ ૬૮ વિદ્યાર્થીઓએ અને ૩ શિક્ષકોએ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ , પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીની મુલાકાત લીધી. આ અન્વયે કેન્દ્રના વડા અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિએ , વિદ્યાર્થીઓને કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ, યુનિવર્સિટી દ્વારા ચાલતા કૃષિ અભ્યાસ અને તેની રોજગારની તકો વિશે પ્રકાશ પાડ્યો હતો. સુંઢાના ખેડૂતપુત્રોને વિદ્યાર્થીઓને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને અન્ય તકનીકી તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન લેવા સલાહ આપી હતી. દિવેલાની સંશોધન વિવિધ તાંત્રિકતાઓ અને હાલમાં ખેડૂતો દ્વારા પાક ઉપર જંતુનાશક દવાનો છંટકાવ અને રાસાયણિક ખાતરોના બેફામ વપરાશથી , માણસના અને જમીનના આરોગ્ય ઉપર થયેલ વિપરીત અસરોની જાણકારી આપેલ. ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ ખેતી વિષેની અગત્યતા , અને નેનપુર ફાર્મ માં પ્રાકૃતિક કૃષિ યુનિટ ઉપર રૂબરું જઈને જીવામૃત, ઘનામૃત , બીજામૃત , નિમાસ્ત્ર, બ્રમાશ્ત્ર, અગ્નિસ્ત્ર વગેરે બનાવવાની પ્રાયોગિક પધ્ધતિ અને અગત્યતા વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ, વિદ્યાર્થીનીઓને ફિલ્ડમાં લઈ જઈને અખરાઓની અને ક્ષેત્રીય સંશોધનની રૂબરું મુલાકાત કરાવી વિવિધ કૃષિ વિષયક સંશોધનો વિષે માહિતગાર કરવામાં આવેલ , અને છેલ્લે સર્વે વિધ્યાર્થીને નેનપુર કેમ્પસમાં લઈ જઈને મ્યુજિયમની મુલાકાત ગોઠવીને કૃષિ અભ્યાસ અને પ્રાકૃતિક કૃષિ વિષે પ્રોત્સાહિત કરેલા.




**પ્રાથમિક શાળા, સુંઢાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કસા કુલ ૬૮ વિદ્યાર્થીઓ અને ૩ શિક્ષકોએ કૃષિ સંશોધન કેન્દ્રસણસોલીની મુલાકાત**



ડૉ. ડી. બી. પ્રજાપતિદ્વારા મહેમદાબાદ તાલુકાનીસુંઢા ગામની પ્રાથમિક શાળાના વિધ્યાથીઓને દિવલાના ક્ષેત્રીય સંશોધનની રૂબરુંમાહિતી આપી



ડૉ.બી.એન.ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ ખેતીમાટેના જીવામ્રુત, બીજામ્રુત, નિમાસ્ત્ર, બ્રમાશ્ત્ર, અગ્નિસ્ત્ર વગેરે બનાવવાની પ્રાયોગિક પધ્ધતિ



પ્રાથમિક શાળા, સુંઢા ના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કસા કુલ ૬૮ વિદ્યાર્થીઓએ અને ૩ શિક્ષકો ની  કૃષિ સંશોધન કેન્દ્ર, નેનપુરની મુલાકાત